તા- ૯/૦૫/૨૦૨૦




"જો દૃષ્ટિ કેળવાય તો શિલ્પ છે નહી તો ઝાડી ઝાંખરા, શિક્ષકનું કામ છે બાળકને રમતા કરી દેવા, પછી તો વાદળ પણ વાર્તા કહી જાય તો નવાઈ નહી"

# સુડોકુ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | 1 | | | | 4 |
| | | | | | 1 |
| | | 3 | 2 | | |
| | | 2 | 1 | | |
| 4 | | | | | |
| 2 | | | | 1 | 5 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | 1 | |
| 1 | 2 | | 3 | 4 | |
| | 4 | | | | |
| | | | | 2 | |
| | 5 | 4 | | 3 | 6 |
| | 1 | | | | |

## ઉખાણું

એક જ નારી ને નર બત્રીસ

જગતમાં છે સૌની પ્યારી

કહો કરીને મનમાં વિચાર

મરે પહેલાં નર અને જીવે નાર.

## જોડકણા

રાત્રે વહેલા સૂઈ જઈ વહેલા જે ઊઠે વીર,

બળ, બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.

## ક્રિયાકલાપ

| | |
|---|---|
| વર્ણન | ૭૬.૧ જ્ઞાનમુદ્રા, નમસ્કાર મુદ્રા, સંખમુદ્રા વગેરે |



# ચિત્ર



शार्दूल शिशु विहार
स्वयमेव मृगेन्द्रता

# વાર્તા

## એક કોડીની કિંમત

એક છોકરાનું નામ હતું મકાટૂ. આમ તો એ અનાથ હતો, એની દેખભાળ કરનાર કોઈ નહોતું; પણ તે ભારે ચતુર હતો ! પોતે મજૂરી કરીને પેટિયું કાઢતો. ક્યારેક એ લોકોનો વજનદાર સામાન ઉઠાવતો, ક્યારેક જંગલમાં લાકડાં કાપતો, તો ક્યારેક સૂવરોને ચારો ખવડાવતો. એ ક્યારેય નવરો ન બેસી રહેતો. કામચોરી કરીને એ મજૂરી લેવાનું બિલકુલ પસંદ ન કરતો. ગમે તે જાતનું કામ હોય, મકાટૂ દિલ લગાવીને કામ કરતો. જો કે એની ઉંમર નાની હોવાથી કામના પ્રમાણમાં એને ક્યારેય પૈસા ન મળતા. એ જાણતો હતો કે માલિકો એને ઓછી મજૂરી ચૂકવે છે, તોયે તે ખુશ રહેતો. જ્યારે તે કામ કરતો, ત્યારે બુદ્ધિપૂર્વક, સમજી વિચારીને કામ કરતો. થાકી જાય, પણ મકાટૂ તો હસતો જ રહે. એ હસતાં રમતાં, આનંદથી સમય પસાર કરતો. તે સાફ દિલનો હતો. તેના આવા ગુણને લીધે, તે જ્યાં કામ કરતો; ત્યાં એના વખાણ થતા.

એક સાંજની વાત છે. તે સાંજે એણે મોટા લાકડાને ફાડીને કટકા કર્યા. કામ પતી ગયા પછી એ વિચારવા લાગ્યોઃ ‘રાત–દિવસ શું મારે મહેનત–મજૂરી જ કરવાની ? શું મારે હંમેશ માટે આ નાનકડા પ્રદેશમાં જ પડ્યા રહેવાનું ? ના, મારે હવે કોઈ અજાણ્યા પ્રદેશમાં જવું જોઈએ ને ત્યાં મારે ભાગ્ય અજમાવવું જોઈએ. મારે કોઈ નવું કામ કરવું જોઈએ !’

એ વિચારતો હતો, તે વખતે એનો માલિક આવી ચડ્યો. એણે મકાટૂને પૂછ્યુંઃ ‘આટલું બધું તું શું વિચારે છે ?’

મકાટૂએ ઈશાન દિશા તરફ ઇશારો કરીને કહ્યું : ‘હું ત્યાં જવા માગું છું. મેં સાંભળ્યું છે કે ત્યાંની જમીન ખૂબ જ ફળદ્રુપ છે. ત્યાંના માણસો પણ દયાળુ છે. જો હું તે પ્રદેશ જોઈ શકું, તો....’ એટલું બોલતાં–બોલતાં તે એકદમ ઉદાસ બની ગયો.

માલિકે જવાબ દીધોઃ ‘તું જે જગ્યાએ જવા માગે છે, તેનું નામ છે સોખોથાઈ. કહેવાય છે કે ત્યાંનો રાજા પ્રારવાંગ ખૂબ જ દયાળુ છે. જો તું ત્યાં જા, તો તારું નસીબ ઊઘડી જાય !’

એક દિવસ એણે પાકો નિર્ણય કરી લીધો કે ગમે તે ભોગે સોખોથાઈ પહોંચશે ! નિર્ણય કરતાં જ એ નીકળી પડ્યો. ચાલતાં–ચાલતાં તે બધું જોઈને આનંદ પામતો હતો. એની આસપાસ કુદરત વેરાયેલી હતી ને મકાટૂ દૃશ્યોને આંખોથી પીતાંપીતાં ખુશ થતો હતો ! નવા મલકના મનેખને મળતો–મળતો એ આગળ ને આગળ ધપતો રહ્યો. એકાદ મહિનાની મુસાફરી પછી મકાટૂ સોખાથાઈના રાજ્યની સીમાના કોઈ ગામમાં પહોંચ્યો. ત્યાં તેને એક બૂઢી બાઈ મળી. તે પાણીનું મોટું મટકું માથે ઉઠાવીને જતી હતી. તરસ્યા મકાટૂએ તે બાઈને પૂછ્યુંઃ ‘મા, મને પાણી પાશો ?’

મકાટૂને પ્યાલામાં પાણી અપાયું. પૂછ્યું : ‘દીકરા, તું ક્યાંથી આવે છે ? એકલો છે ? શું બહુ આઘેથી આવે છે ?’



'માડી, જીવતરમાંયે હું એકલો છું. નથી માબાપ કે નથી કોઈ સગુંવહાલું. હું મોન શહેરમાંથી અહીં આવ્યો છું.'

એ અનાથ છોકરાની વાત સાંભળીને ડોસીની આંતરડી કકળી ઊઠી ! તે બોલીઃ 'અરેરે, ભગવાન ! બેટા, તું તો હજી નાનો છે ને આટલી લાંબી મુસાફરી એકલા એકલા કરી ?'

મકાટૂ નાનો હતો, પણ ચતુર હતો. મનનો પાકો હતો. એ સોખોથાઈના રાજા પ્રારવાંગને મળવા માંગતો હતો, તેથી એણે સીધી જ વાત કરીઃ 'હું આ દેશના રાજા પ્રારવાંગને મળવા માગું છું. બધા કહે છે કે તેઓ ખૂબ જ દયાળુ છે.'

'તું ખૂબ જ હિંમતવાળો અને મક્કમ મનનો લાગે છે ! હાલ, મારી હારે. કદાચ તું પ્રારવાંગને મળી શકીશ.'

ચતુર મકાટૂને થયું કે એના મનની મુરાદ જરૂર પૂરી થશે. વળી તે કાંઈ કામ ને આશરાની શોધમાં તો હતો જ. એથી તે રાજી થતો થતો ડોસીમા સાથે ચાલ્યો. થયું કે કંઈક કામ મળશે ને ખાવા તેમ જ સૂવાની સગવડ મળશે ! એ વિચારતો રહ્યો કે કોઈ દિવસ રાજાનો ભેટો પણ થશે !

એ બાઈનો પતિ રાજા પ્રારવાંગનો મહાવત હતો. બીજા મહાવતો સાથે મળીને રાજાના અનેક હાથીઓની તે સૌ માવજત કરતા હતા. મકાટૂ મહેનતુ, હોશિયાર ને ચતુર હતો. એને થયું કે કામ કરવા માટે ને મનની ઇચ્છા પૂરી કરવા માટે એ યોગ્ય જગ્યા છે. તે હોંશે–હોંશે કામ કરવા લાગ્યો. મહેનત અને એક મનથી કામ કરતો હતો, તેથી તે બધાની વાહવાહ મેળવી શક્યો ! મહાવત ને તે બાઈના દિલ તેણે ખંતથી કામ કરીને જીતી લીધાં.

તે દિવસે આકાશ ચોખ્ખું હતું ને વાતાવરણ ખુશનુમા હતું. મકાટૂને થયું કે તે દિવસ એને જરૂર ફળશે જ. જ્યારે તે હાથીઓને નવડાવતો હતો, ત્યારે ઊંચા કદનો કોઈ માણસ ત્યાં આવ્યો. એણે ઊંચી જાતનો પોશાક પહેર્યો હતો. એની સાથે કેટલાયે નોકરો હતા.

તે જ હતો રાજા પ્રારવાંગ. મકાટૂ એને ઓળખી ગયો, એટલે એણે ઝૂકીને સલામ કરી. એમ કરતાંકરતાં એનું અંતર જોરશોરથી ધડકી ઊઠ્યું. રાજા પ્રારવાંગ પણ એ નાના છોકરાને એક નજરે જોતો રહ્યો. એ વખતે તે બૂઢી બાઈનો પતિ પણ ત્યાં હાજર હતો. રાજાએ મહાવતને પૂછ્યું :

'આ છોકરો કોણ છે ને તે ક્યાંથી આવ્યો છે ?'

'આ છોકરો મોન શહેરથી આવ્યો છે. એ આપની પ્રશંસા સાંભળીને આપના દર્શન કરવા એટલે આઘેથી પગે ચાલીને આવ્યો છે.'

'એની ઉંમર કેટલી હશે ?'

'મહારાજ, બારેક વર્ષની.'

રાજાએ રાજી થઈને કહ્યુંઃ 'સુંદર અને મહેનતુ છોકરો લાગે છે ! એને સારી રીતે સાચવજો.' એટલું બોલીને રાજા બહાર નીકળી ગયો. મકાટૂની નજર એકાએક જમીન પર પડી. ત્યાં કોડી પડેલી હતી. એણે એ કોડી એકદમ ઊઠાવી લીધી ને રાજા પાસે દોડી ગયો. એણે એ કોડી રાજાના હાથમાં મૂકીને બોલ્યો :

'અન્નદાતા, આપની આ કોડી.'

રાજા હસીને બોલ્યોઃ 'લે, તું એ રાખી લે.'

મકાટૂ વિચારવા લાગ્યોઃ 'વાહ, રાજાસાહેબે, મને ઈનામમાં એક કોડી આપી ! હું એને સાચવીશ ને કોઈ અદ્દ્ભુત ચીજ ખરીદીશ. વાહ, રે, વાહ, મને ખૂબ ખુશી થઈ !'

ત્યારે સોખોથાઈના લોકો સિક્કાને બદલે કોડીઓનો ઉપયોગ કરતા. જો કે એક કોડીની કિંમત પણ શી હોય ? એમ છતાં મકાટૂ એ કોડીનો વધુમાં વધુ લાભ ઉઠાવવા માગતો હતો. તે કોડી કોઈ સામાન્ય માણસે નહિ, પણ રાજા પ્રારવાંગે એને ભેટ તરીકે આપી હતી ! ઘણા વખત સુધી તેણે તે કોડી સાચવી રાખી.

ચતુર મકાટૂએ યોજના વિચારી લીધી. એક દિવસ તે ફૂલછોડનાં બીજની દુકાને જઈને ઊભો. એણે દુકાનમાં ચોમેર નજર ફેરવી. ત્યાં તેણે એક ટોપલી જોઈ, જેમાં સલાદનાં બીજ ભરેલાં હતાં. થોડીવાર સુધી તે વિચારતો રહ્યો. તેને થયુંઃ 'સલાદ ! અરે, હું જાતેય નાનાનાના છોડ ઉગાડી શકું !'

પછી એણે એ દુકાન પર બેઠેલી સ્ત્રીને પૂછ્યું : 'શું હું સલાદનાં બી ખરીદી શકું ?'

એને જવાબ મળ્યોઃ 'હા, દીકરા, તારે કેટલાં બી જોઈએ ?'

મકાટૂએ જવાબ વાળ્યોઃ 'પણ મા, મારી પાસે તો એક જ કોડી છે !'

તે સ્ત્રી હસી પડી; બસ, એક જ કોડી ? એક કોડીનાં બી કેટલાં આવે ?'

મકાટૂ ચતુર હતો. એણે ચતુરાઈપૂર્વક કહ્યુંઃ મા, જુઓ હું મારી આંગળી બીજના ઢગલામાં નાખું છું. જેટલાં બી આંગળી સાથે ચોંટે, એટલાં બી તમારે મારી કોડીને બદલે દેવાનાં. બરાબર ને ?' મકાટૂની એ શરત એણે હસતાંહસતાં સ્વીકારી લીધીઃ 'સારું, એમ કર. તું રાજી રહે, એટલે બસ.'

મકાટૂએ સ્ત્રીને કોડી દઈ દીધી. પછી એણે આંગળી મોંમાં નાખીને ભીની કરી. થૂંકથી ભીની થયેલી આંગળી એણે બીના ઢગલામાંથી બહાર કાઢી, ત્યારે એની એ ટચૂકડી આંગળી ફરતાં કેટલાંયે બી ચોંટેલાં હતાં. !

હવે મકાટૂએ જાળવીને બધાં બી આંગળીએથી સેરવીને હથેળીમાં રાખી દીધાં. પછી મુઠ્ઠી વાળીને તે ત્યાંથી રાજી થતોથતો જતો રહ્યો. પોતાની પાસેનાં બીને તેણે જમીનમાં વાવી દીધાં. વાવણી પછી તે બરાબર સારસંભાળ રાખતો. ક્યારામાં રોજ સવારે પાણી નાંખતો. મકાટૂ જમીન બરાબર સાફ રાખતો. કાંકરા વીણીને દૂર ફેંકી દીધા. એની માવજતને લીધે, થોડા દિવસમાં તો કિચન–ગાર્ડન તૈયાર થયો. તે પોતાના નાનકડા લહેરાતા ખેતરનું બરાબર ધ્યાન રાખતો. મકાટૂ વિચારવા લાગ્યોઃ ‘આ ખૂબસૂરત સલાદના કેટલાક ગુચ્છાઓ રાજાને ભેટ ધરું, તો મને ખૂબ શાબાશી મળશે !’

એ પછી કોઈ એક દિવસ રાજા પ્રારવાંગ ત્યાંથી પસાર થયો. ચતુર મકાટૂએ મોકો ઝડપી લીધો. એ તો એવા અવસરની રાહ જોઈને જ બેઠો હતો. તે રાજાના પગમાં પડી ગયો. એણે એ પછી રાજાને તાજાંતાજાં સલાદનો સૌથી મોટો ગુચ્છો ભેટ ધર્યો !

રાજા તો ફૂલછોડને જોઈને અચંબો પામ્યો : ‘આ તને ક્યાંથી મળ્યાં ?’ મકાટૂએ મલકીને કહ્યું : ‘રાજાસાહેબ, આપને યાદ છે કે એક કોડી આપે મને બક્ષિસ આપી હતી ? મેં તે કોડીને આપીને થોડાં બી ખરીદ્યાં. આ સલાદ એ બીમાંથી મેં જાતે ઉગાડીને તૈયાર કર્યાં.’

‘પણ શી રીતે ?’ રાજાને હજી યે નવાઈ લાગતી હતીઃ ‘એક કોડીમાંથી આ બધું કેવી રીતે બને ?’

મકાટૂએ રાજાને માંડીને વાત કરી. રાજા એની ચતુરાઈ, બુદ્ધિ અને મહેનત પર વારી ગયો ! એણે મકાટૂને પોતાના મહેલમાં નોકર તરીકે તરત જ રાખી લીધો.

રાજા એને જે કામ સોંપતો, તે પૂરી મહેનત અને લગનથી કરતો. ધીરેધીરે રાજા પ્રારવાંગને તેના પર અતૂટ ભરોસો બેસી ગયો. એક પછી એક મોટા હોદ્દાઓ મળતા ગયા.

એ રીતે કેટલાંયે વર્ષો વીત્યાં. હવે તો મકાટૂ સ્વસ્થ, સુંદર અને ઊંચો, ખડતલ યુવક બની ગયો હતો !

રાજાએ સામે ચાલીને એને ‘ખનવાંગ’નો ઈલકાબ આપ્યો ! ‘ખનવાંગ’ એટલે રાજદરબારનો સૌથી મોટો માણસ. એટલું જ નહિ, રાજાએ રાજીખુશીથી પોતાની સૌથી નાની, સુંદર રાજકુંવરીનાં લગ્ન મકાટૂ સાથે કર્યાં. પછીથી રાજાએ એને રાજ્યનો શાસક પણ બનાવી દીધો !

મોન શહેરનો અનાથ, મજૂર બાળક મહેનત ને ચતુરાઈથી રાજા બની શક્યો !

બોલો, કોડીની કિંમત કેટલી ?

– વિશ્વપ્રસિદ્ધ લોકકથાઓ (ભાગ–૩)

■

# વિજ્ઞાન પ્રયોગ

## અવાજને પસાર થતો જુઓ




**સૂચનાઓ :**

- પ્લાસ્ટિકની બોટલનો તળિયાનો ભાગ કાપી નાખો.
- એ તળિયાના ભાગને પ્લાસ્ટિકની બેગથી ઢાંકી દો.
- પ્લાસ્ટિકને ખેંચીને બોટલના તળિયા પર બરાબર ફીટ કરો.
- પ્લાસ્ટિકની બેગ હલી ન જાય તે માટે તેની ઉપર ઈલાસ્ટિક રબરબેન્ડ મારી દો.
- એક મીણબત્તી સળગાવો.
- બોટલની ઉપરના છેડાના ભાગને સળગતી મીણબત્તીથી લગભગ એક ઈંચ જેટલા અંતરે રાખી ગરમ થવા દો.
- તે વખતે પ્લાસ્ટિકની બેગવાળા ભાગને આંગળીઓથી ટપલી મારો.

**સારાંશ :**

જ્યારે તમે પ્લાસ્ટિકની બેગવાળા ભાગને ટપલી મારશો ત્યારે તેની અંદરની બાજુ રહેલા હવાના નાના નાના કણોમાં કંપન પેદા થશે. આ કણો બોટલના નાના કણોને ધ્રુજાવે છે અને આ કંપન બોટલમાંથી પસાર થઈને બહાર આવે છે, ત્યારે સળગતી મીણબત્તીને બુઝાવી દે છે.

**સિદ્ધાંત :**

અવાજ અદૃશ્ય છે, પરંતુ જ્યારે તે હવામાં કંપન કરે અથવા પસાર થાય ત્યારે તેની અસરને તમે જોઈ શકો છો, અનુભવી શકો છો.



| ગૃહકાર્ય |
|---|
| બાળમિત્રો, આજે મમ્મીને પૂછીને ઘરમાં રહેલા 'પડદા' સાફ કરીશું - ધોઈશું... પણ યાદ રહે... મમ્મી કહે તેમ જ કરીશું... |
| આજે રોટલી માટેનો 'લોટ' બાંધતા શીખીશું... મમ્મી કહે તે પ્રમાણે કરતા જઈશું... અને છેલ્લે તેની Recipe લખીશું... |
| હવે, બે સ્ટીલના ગ્લાસ લઈ તેમાં વારાફરતી મગ, ચણા, ચોખા, સિક્કા અને પથ્થર નાંખી તેને હલાવીશું... અને દર વખતે કેવો જુદો અવાજ આવે છે... તે સાંભળી આનંદ કરીશું અને કરાવીશું... |
| https://vimeo.com/showcase/7076757 |

| રમત |
|---|
| https://vimeo.com/showcase/7077049 |
| https://vimeo.com/showcase/7076739 |
| https://www.youtube.com/watch?v=DC9b7GBCj2M&feature=youtu.be |

## મેરા ભારત મહાન.

| विदेशी | इंडियन (स्वदेशी) |
|---|---|
|  |  |

| -: રામાયણ :- |
|---|
| વાલી સુગ્રીવ કરતા ખુબ શક્તિ શાળી હતો છતાં સુગ્રીવને મારી શક્યો ન હતો... શામાટે? |

| दुर्लभं भारते जन्म |
| --- |
| |

| शरीरमाद्यं खलु धर्मसाधनम् ।। |
|---|
| https://vimeo.com/showcase/7076739 |

**આ WhatsApp નમ્બર પર review આપવા નમ્ર વિનંતી.**

**7818088520**

**-: અપેક્ષા રહિત કામ કરવું :-**

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |